જા.નં-મા-૨/જયંતી ઉજવણી/૨૦૨૨/૬૦

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩,જિલ્લા સેવાસદન-૨
અઠવાલાઇન્સ,સુરત
તા- ૭ /૦૧/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લા તથા શહેરની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ
જિ.સુરત.

**વિષય** : "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જન્મજયંતીની ઉજવણી બાબત.

**સંદર્ભ** : રીજીઓનલ ડાયરેક્ટરશ્રીનો તા.૨૧/૦૧/૨૦૨૧ નો પત્ર ક્રમાંક :P. ૧૮/૪/૨૦૨૦/ રા.સે.યો./ગુજ.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે સમગ્ર દેશમાં "આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે સંદર્ભે કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા તારીખ : ૧૭/૦૧/૨૦૨૨ થી તારીખ : ૨૩/૦૧/૨૦૨૨ દરમિયાન "નેતાજી સુભાષચંદ્ર બોઝની" જન્મ જયંતી ઊજવણી નિમિત્તે "આઈકોનીક્સ ઈવેન્ટ્સનું" આયોજન કરવામાં આવનાર છે. જે અંતર્ગત તારીખ : ૧૯/૦૧/૨૦૨૨ નાં રોજ હરીપુરા, તાલુકો: બારડોલી, જિલ્લો-સુરત ખાતે રાખવામાં આવનાર છે. તારીખ : ૧૯/૦૧/૨૦૨૨ નાં રોજ હરીપુરાનાં કાર્યક્રમના ભાગ રૂપે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહે છે જેના વિષય અને માર્ગદર્શક સૂચનાઓ આ સાથે સામેલ છે.

- શાળા કક્ષાએ તારીખ : ૧૦/૦૧/૨૦૨૨ સુધીમાં સ્પર્ધાઓ કરી સ્પર્ધાદીઠ પ્રથમ ક્રમે વિજેતા થયેલા એક-એક વિદ્યાર્થીની યાદી SVS કક્ષાએ મોકલવાની રહેશે.
- શાળા કક્ષાએથી વિજેતા થયેલા વિદ્યાર્થીઓની સ્પર્ધાઓ SVS કક્ષાએ તારીખ : ૧૩/૦૧/૨૦૨૨ સુધીમાં SVS કન્વીનર દ્વારા પૂર્ણ કરી દરેક સ્પર્ધાના એક-એક વિજેતા એમ કુલ ત્રણ સ્પર્ધાના માત્ર ત્રણ પ્રથમ નંબરના વિજેતાઓની યાદી તથા અહેવાલ તારીખ : ૧૫/૦૧/૨૦૨૨ સુધમાં રૂબરૂમાં કચેરીનાં નોડલ અધિકારી શ્રી નિહારિકા મનહરભાઈ પટેલ(૭૮૨૦૦-૫૩૭૪૫) અથવા શ્રી એચ. પી. કાનાણીને(૯૯૯૮૨-૧૮૩૩૮) જમા કરાવવાની રહેશે.
- SVS કક્ષાએ વિજેતા થયેલા વિદ્યાર્થીઓની જિલ્લા કક્ષાની અંતિમ સ્પર્ધા તારીખ : ૧૯/૦૧/૨૦૨૨ નાં રોજ સવારે ૮:૦૦ કલાકે વામદોત હાઈસ્કૂલ, બારડોલી ખાતે રાખવામાં આવનાર છે.

બીડાણ : સ્પર્ધાની વિગતોનું પત્રક.

~~જિલ્લા શિક્ષણાધિકારી~~
સુરત,જિ.-સુરત

નકલ રવાના જાણ તથા અમલ સારુ : આચાર્યશ્રી તથા SVS કન્વીનરશ્રી, SVS ૧ થી ૧૪

# ચિત્ર સ્પર્ધા

| ક્રમ | સ્પર્ધા | વિષય |
|---|---|---|
| ૧ | ચિત્ર | ૧. સુભાષચંદ્ર બોઝના સ્વપ્નનું આધુનિક ભારત<br>૨. સુભાષચંદ્ર બોઝની જીવનગાથા<br>૩. સુભાષચંદ્ર બોઝ અને સ્વતંત્રતા |

## ચિત્ર સ્પર્ધાની જરૂરી સૂચનાઓ

૧. સ્પર્ધાનો સમયગાળો ૨ કલાકનો રહેશે.
૨. વિષયને અનુરૂપ ચિત્ર સ્થળ પર દોરવાનું રહેશે.
૩. સ્પર્ધા માટે કાગળ ૧૨' * ૧૮' પ્રમાણે દરેક સ્પર્ધકને આયોજક તરફથી આપવામાં આવશે.
૪. કાગળ સિવાયની અન્ય સાધન સામગ્રી સ્પર્ધકે જાતે લાવવાની રહેશે.
૫. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

**ગુણાંકન પત્ર:-**

| કમ્પોઝીશન | કલર સ્કીમ | ટેકનીક | વસ્તુલક્ષી નિરૂપણ | ચિત્ર અને આકારમાં સપ્રમાણતા | કુલ ગુણ |
|---|---|---|---|---|---|
| ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૨૦ | ૧૦૦ |

# નિબંધ સ્પર્ધા

| ક્રમ | સ્પર્ધા | વિષય |
|---|---|---|
| ૧ | નિબંધ | ૧. સુભાષ: ગુલામ ભારતના આઝાદ ફૌજી<br>૨. સુભાષનું જીવનદર્શન: અદમ્ય સાહસ અને અકલ્પનીય પરાક્રમ<br>૩. સુભાષ: સશસ્ત્ર સંઘર્ષના પ્રેરણા સ્ત્રોત |

## નિબંધ સ્પર્ધાની જરૂરી સૂચનાઓ

૧. દરેક સ્પર્ધકને નિબંધ લેખન માટે ૪૦ મીનીટનો સમય આપવામાં આવશે.
૨. નિબંધ ગુજરાતી અથવા હિન્દી ભાષામાં સ્થળ પર લખવાનો રહેશે.
૩. નિબંધ લખવા માટે કાગળ દરેક સ્પર્ધકને આયોજક તરફથી આપવામાં આવશે.
૪. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

ગુણાંકન પત્ર:-

| વિચાર | વિષયવસ્તુ | ભાષાશૈલી | સમગ્ર છાપ | કુલ ગુણ |
|---|---|---|---|---|
| ૩૦ | ૩૦ | ૩૦ | ૧૦ | ૧૦૦ |

## વકતૃત્વ સ્પર્ધા

| ક્રમ | સ્પર્ધા | વિષય |
|---|---|---|
| ૧ | વકતૃત્વ | ૧. સુભાષચંદ્ર બોઝના વિચારોની વર્તમાન સમયમાં પ્રસ્તુતતા<br>૨. ખાદી નહિ પણ ખાખીધારી નેતાજી સુભાષ<br>૩. વૈચારિક ક્રાંતિ અને સશસ્ત્ર સંઘર્ષના પ્રણેતા સુભાષચંદ્ર બોઝ એક વિસરાયેલા રાષ્ટ્રવીર |

### વકતૃત્વ સ્પર્ધાની જરૂરી સૂચનાઓ

૧. દરેક સ્પર્ધકને રજૂઆત માટે મહત્તમ ૭ મીનીટનો સમય રહેશે.
૨. રજૂઆત ગુજરાતી અથવા હિન્દી ભાષામાં કરી શકશે..
૩. નિર્ણાયકોનો નિર્ણય આખરી ગણાશે.

ગુણાંકન પત્ર:-

| વસ્તુ વિચાર | રજૂઆતની છટા | ભાષા ઉચ્ચાર | સમગ્ર છાપ | કુલ ગુણ |
|---|---|---|---|---|
| ૩૦ | ૩૦ | ૩૦ | ૧૦ | ૧૦૦ |